Received on : 08/10/2022
Registerd on : 08/10/2022
Decided on : 12/06/2024
Duration : Year Month Day

આંક–

**<u>ડેડીયાપાડાના મહે..એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મુ.ડેડીયાપાડા, જી.નર્મદા</u>**

**ક્રિમીનલ કેસ નંબર–૬૮૬/૨૦૨૨**

**સરકારશ્રી**
દેડીયાપાડા પો.સ્ટે. ગુ.રજી.નં.પાર્ટ–બી–૧૧૮૨૩૦૦૪૨૨૦૨૯૧/૨૦૨૨
(મુળ ફરીયાદી– તુલસીભાઈ મોતીભાઈ વસાવા) **...ફરીયાદી**

**<u>વિરૂધ્ધ</u>**

(૧) ચંદુભાઈ મોતીભાઈ વસાવા

(૨) સોમીબેન વા/ઓફ ચંદુભાઈ મોતીભાઈ વસાવા

રહે.ચુલી આંગણવાડી ફળીયું, તા.દેડીયાપાડા,જી.નર્મદા ...**આરોપીઓ**

---

સરકાર પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.જી.ચૌહાણ
આરોપી પક્ષ તરફે વી.વ. સી.કે.પંડયા

---

**ગુનો:** ઈ.પી.કોડની કલમ– ૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબ

## જજમેન્ટ

**(૧)** ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૭/૫/૨૨ ના કલાક ૧૭:૪૫ વાગે ફરીયાદી તથા સાહેદ સાથે અગાઉ હોળી ઉપર ઝઘડો થયેલ તેની જુની અદાવત રાખી ફરીયાદીની પત્નિને ગમે તેમ ગાળો બોલવા લાગતા ફરીયાદી તથા તેની પત્નિએ ગાળો બોલવાની ના પાડતા આરોપી નં.૧ નો ઉશ્કેરાઈ જઈ સાહેદને મોઢાના ભાગે તથા શરીરે હાથથી માર મારવા લાગતા આ વખતે ફરીયાદી વચ્ચે પડી છોડાવવા જતા તેને પણ લાકડી વડે ડાબા હાથે કોણીના નીચેના ભાગે માર મારી ઈજા પહોચાડી તથા આરોપી નં.૨ નાએ સાહેદ સાથે ઝપાઝપી કરી ડાબા હાથના કાંડા પાસે સામાન્ય ઈજા પહોચાડી, ઈ.પી.કો કલમ– ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુનો કર્યા અંગેની ફરીયાદ દેડીયાપાડા પો.સ્ટે. ગુ.ર.નં.પાર્ટ–બી–૧૧ ૮૨૩૦૦૪૨૨૦૨૯૧/૨૦૨૨ થી નોંધાતા તપાસ કરતના અમલદારે તપાસના અંતે આ કામના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાંતા હાલનું ચાર્જશીટ કરેલ છે.

**(૨)** આ કામે આરોપીઓને ધોરણસર સમન્સની બજવણી થતાં હાજર થયેલ અને આરોપીઓને ક્રિ.પો.કો કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો તથા ચાર્જશીટ કે જેના પર ફરીયાદપક્ષે તેમના કેસનો આધાર રાખેલ છે,તે આપવામાં આવેલ હોવાની ખાત્રી કર્યા બાદ આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનું આંક–૫ થી તહોમતનામું ફરમાવી, ગુન્હા સબબ આરોપીઓની આંક–૬ થી ૭ સુધી પ્લી નોંધવામાં આવતા,આરોપીઓએ પોતાની સામેના ગુન્હાનો ઇન્કાર કરતા આ કામે ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૩)** આરોપી સામેનુ તહોમત પુરવાર કરવા સારુ ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ રાખેલ છે.

**(૩–એ)મૌખિક પુરાવો:–**

| ક્રમ | નામ | સાહેદ | આંક |
|---|---|---|---|
| ૧ | તુલસીભાઈ મોતીભાઈ | ફરીયાદી | ૯ |

| | | | |
|---|---|---|---|
| ૨ | લક્ષ્મીબેન તુલસીભાઈ | સાહેદ | **૧૧** |
| ૩ | કોટનીયાભઈી ઓકરીયાભાઈ | પંચસાહેદ | **૧૨** |
| ૪ | અમીરભાઈ ગંભીરભાઈ | પંચસાહેદ | **૧૪** |
| ૫ | વીરસીંગભાઈ બાબુભાઈ | પંચસાહેદ | **૧૫** |
| ૬ | નારસીંગભાઈ દેવજીભાઈ | પંચસાહેદ | **૧૭** |
| ૭ | કંચનભાઈ ખાલપાભાઈ | ત.ક.અ. | **૧૮** |
| ૮ | ઝંખનાબેન | ડોકટ | **૨૦** |

**<u>(૩–બી) દસ્તાવેજી પુરાવોઃ–</u>**

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | **૧૦** |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | **૧૩** |
| ૩ | શરીર સ્થિતિનુ પંચનામું | **૧૬** |
| ૪ | મેડીકલ સર્ટીફિકેટ | **૨૧** |

**(૪)** ઉપરોકત પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ ઘ્વારા મૌખિક વીનંતીથી પુરાવો પુરો થયાનુ જાહેર કરતા ફરીયાદપક્ષના પુરાવાનુ સ્ટેજ બંધ કરવામાં આવેલ છે તેમજ રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા જોતા ક્રી.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનુ વીશેષ નીવેદન નોંધવામાં આવેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે " અમો નીર્દોષ છીએ અને અમોએ કોઈ ગુનો કરેલ નથી.

તેમજ ત્યારબાદ ફરીયાદપક્ષે એ.પી.પી. તથા આરોપીપક્ષના વિ.વ.શ્રી ઓની દલીલો સાંભળવામાં આવેલ છે.આ કામે આરોપીપક્ષે આંક–૨૬ થી પોતાની લેખીત દલીલ અને તેના ટેકામાં ચુકાદો, લોઝ(જી.જે.એચ.)–૨૦૦૬–૧૧–૨૬ પ્રવીણભાઈ બેચરભાઈ વણકર વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો રજુ કરેલ છે.જેને સદર કેસના આખરી નિર્ણય વખતે ઘ્યાને લેવામાં આવેલ છે.

**(૫)** ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| | | |
|---|---|---|
| | ૧ | શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૧૭/૫/૨૨ ના કલાક ૧૭ઃ૪૫ વાગે ફરીયાદી તથા સાહેદ સાથે અગાઉ હોળી ઉપર ઝઘડો થયેલ તેની જુની અદાવત રાખી ફરીયાદીની પત્નિને ગમે તેમ ગાળો બોલવા લાગતા ફરીયાદી તથા તેની પત્નિએ ગાળો બોલવાની ના પાડતા આરોપી નં.૧ નો ઉશ્કેરાઈ જઈ સાહેદને મોઢાના ભાગે તથા શરીરે હાથથી માર |

| | | |
|---|---|---|
| | | મારવા લાગતા આ વખતે ફરીયાદી વચ્ચે પડી છોડાવવા જતા તેને પણ લાકડી વડે ડાબા હાથે કોણીના નીચેના ભાગે માર મારી ઈજા પહોચાડી તથા આરોપી નં.૨ નાએ સાહેદ સાથે ઝપાઝપી કરી ડાબા હાથના કાંડા પાસે સામાન્ય ઈજા પહોચાડી, ઈ.પી.કો કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે? |
| | ૨ | શું હુકમ ? |

**(૬)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.

મુદ્દા નં.(૧) નકારમાં.

મુદ્દા નં.(૨) આખરી હુકમ મુજબ.

**(૭)** ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**– ન્યાયના નિર્ણય માટેના કારણો–**

**મુદા નં–૧**

(૭.૧) ફરીયાદપક્ષે ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. સૌ પ્ર થમ ફરીયાદ પક્ષના મૌખિક પુરાવાની ચર્ચા કરીએ તો ફરીયાદપક્ષે ફરીયાદી તુલસીભાઈ મોતીભાઈનાઓને આંક–૯ થી સોગંદ પર તપાસતા તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, બનાવ તા.૧૭/૫/૨૨ ના રોજ બનેલો. બનાવના દીવસે તેઓ અને તેમના પત્નિ લક્ષ્મીબેનનાઓ તેઓના ગામમાં મજુરી કામે ગયેલા અને મજુરી કામેથી સાંજના પોણા છ એક વાગે તેમના ઘરે આવતા હતા ત્યારે તેમના ભાઈ ચંદુભાઈનાઓ તથા તેમના ભાભી સોમીબેનનાઓએ રસ્તામાં તેઓની ઉપર હુમલો કરી દીધેલો તે વખતે તેમના ભાઈ ચંદુભાઈએ તેઓની પત્નિ લક્ષ્મીબેનનાઓને પકડીને મારવાનુ ચાલુ કરી દીધુ હતુ અને મારી નાંખવાની ધમકી આપેલી. તે વખતે તેઓ તેમની પત્નિ લક્ષ્મીબેનનાઓને છોડાવવા વચ્ચે પડેલા તે વખતે તેમના ભાઈ ચંદુભાઈનાઓએ કહેલ કે તુ કેમ છોડવે છે અને તેમ કહી તેમને પણ ગાળો આપવા લાગેલા અને તેના હાથમાંની લાકડીથી તેમને ડાબા હાથની કોણીના નીચેના ભાગે માર મારવા લાગેલ. જેથી તેઓનો હાથ ભાંગી ગયેલ અને તેઓની પત્નિ લક્ષ્મીબેનનાઓને પણ છાતીના ભાગે અને મોઢાના ભાગે તથા જમણા હાથના ભાગે ઈજા થયેલ અને વાળ પકડીને માર મારેલો. જેથી તેઓએ ૧૮૧ માં ફોન કરતા ૧૮૧ ની ગાડી આવેલી અને પોલીસ સ્ટેશન લઈ આવેલા અને તેઓના પત્નિ લક્ષ્મીબેનનાઓએ ફરીયાદ આપેલી. જે ફરીયાદ લખેલી નહી

અને સારવાર માટે દે.પાડા સરકારી દવાખાને ગયેલા અને વધુ સારવાર માટે રાજપીપલા સરકારી દવાખાને મોકલેલા અને વધુ સારવાર માટે તા.૧૮/૫/૨૨ ના રોજ બોલાવેલ હોય તેથી તેઓ સારવાર માટે દે.પાડા સરકરી દવાખાને ગયેલા જયાં તેમને દાખલ કરી  હાથના ભાગે ઓપરેશન કરેલ. આ બનાવની તેઓએ ફરીયાદ આપેલ. જે ફરીયાદ આંક–૧૦ થી રજુ છે. તેમને મુદામાલ લાકડી બતાવવામાં આવતા બનાવ સમયે તે ચંદુભાઈ પાસે હતી તે જ છે.

બચાવપક્ષવે સદર ફરીયાદીની ઉલટતપાસ જોવામાં આવે તો ઝઘડાનો બનાવ તા.૧૭/૫/૨૨ નાન રોજ બનેલ. એ વાતનો સ્વીકાર કરે છે કે ફરીયાદ તેઓએ તા.૧૯/૫/૨૨ ના રોજ આપેલ છે. તેમના તથા આરોપીના ઘર વચ્ચે તેમના પપ્પાનો ગાળો આવેલ છે.  બનાવવાળી જગ્યાની આજુબાજુ બીજા બધાના મકાનો આવેલ છે. પ્રથમ ઈજા તેઓની પત્નિને થયેલી. તેઓની પત્નિને ચંદુભાઈએ લાકડી વડે અને હાથ વડે મારેલુ. બનાવ સમયે આરોપીઓ સાથે કોઈ વાતચીત થયેલી નહી. એ વાતનો ઈન્કાર કરે છે કે  બનવા સમયે બંને આરોપીઓ ખાલી હાથે આવેલા. એ વાતનો ઈન્કાર કરે છે કે તેઓની પત્નિ સાથે આરોપીને ઝઘડો થયો ત્યારે આરોપી પાસે લાકડી હતી નહી. એ વાતનો ઈન્કાર કરે છે કે બનાવ શરૂ થયો ત્યારથી બનાવ પુરો થયો ત્યાં સુધી આરોપીના હાથમાં લાકડી હતી. બનાવ અડધો પોણો કલાક ચાલેલો. તેઓને પુછવામાં આવેલ કે બનાવમાં તમે કે તમારી પત્નિએ બુમો પાડેલી નહી. જેના જવાબમાં તેઓએ જણાવેલ કે તેઓની પત્નિએ બુમો પાડેલી. એ વાતનો ઈન્કાર કરે છે કે તેઓની પત્નિએ બુમો પાડી ત્યારે તેઓ ઝઘડો ચાલતો ત્યાં જ હતો. એ વાતનો ઈન્કાર કરે છે કે તેઓની પત્નિની બુમો સાંભળી આજુબાજુમાં રહેતા કોઈ છોડાવવા આવેલા નહી. નીતાબેન ગુલાબસીહ અને મીઠુબેન સ્વ. જનાભાઈ છોડાવવા આવેલા. એ વાતનો સ્વીકાર કરે છે કે નીતાબેન ગુલાબસી હ અને મીઠુબેન સ્વ.જનાભાઈ નુ નીવેદન લીધેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે બનાવમાં તેઓની પત્નિ નીચે પડી ગયેલા. એ વાતનો સ્વીકાર કરે છે કે આરોપી તેઓના મોટાભાઈ થાય છે અને તેઓને તેઓની સાથે પહેલાથી બનતુ નથી. તેઓને પુછવામાં આવેલ કે, જાનથી મારી નાખવાની ધમકી બનાવ શરૂ થયો ત્યારે આપેલી કે બનાવ બની ગયા બાદ આપેલી? જેના જવાબમાં તેઓએ જણાવેલ કે ધમકી ચાલુ બનાવમાં આપેલી. એ વાતનો ઈન્કાર કરે છે કે બનાવ બાદ તેઓ અને તેઓની પત્નિ ચુલી ગામમાં સારી રીતે રહે છે. સાહેદ

જણાવે છે કે તેઓને ડર લાગતા તેઓ રહેતા નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે પોલીસ રૂબરૂની ફરીયાદમાં એવુ લખાવેલ નથી કે તેઓના ભાઈ ચંદુભાઈ મોતીભાઈનાઓએ તેઓની પત્નિ લક્ષ્મીબેનનાઓને પકડીને મારવાનુ ચાલુ કરી દીધુ હતુ. સાહેદ જણાવે છે કે તેઓએ લખાવેલ પરંતુ પોલીસે લખેલ નહી.એ વાતનો સ્વીકાર કરે છે કે પોલીસ રૂબરૂની ફરીયાદમાં એવુ લખાવેલ નથી કે તેઓની પત્નિને વાળી પકડીને પણ માર મારેલો. એ વાતનો ઈન્કાર કરે છે કે મુદામાલ લાકડી તેઓએ આજ રોજ કોર્ટમાં પ્રથમ વાર જોયેલ. એ વાતનો ઈન્કાર કરે છે કે બનાવ સમયે આ લાકડીથી જાડી અને મોટી લાકડી હતી. એ વાતનો ઈન્કાર કરે છે કે બનાવ સમયે બંને આરોપીઓ પાસે એક જ લાકડી હતી. સાહેદ જણાવે છે કે બંન્ને જણા પાસે અલગ અલગ લાકડી હતી. એ વાતનો સ્વીકાર કરે છે કેઆ બનાવમાં માર મારવામાં એક જ લાકડીનો ઉપયોગ થયેલો. એ વાતનો ઈન્કાર કરે છે કે આવો કોઈ બનાવ બનેલ નથી અને તેમને તથા તેમના પત્નિને આરોપીઓએ કોઈ માર મારેલ નથી.

(૭.૨) ફરીયાદપક્ષે સાહેદ લક્ષ્મીબેન તુલસીભાઈનાઓને આંક–૧૧ થી સોગંદ પર તપાસતા તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે,તેઓને ૨૦૦૯ –૨૦૧૦ થી ઝઘડાનો બનાવ બનતો આવેલ હોય આશરે બેએક વર્ષ પહેલા તેઓના જેઠ ચંદુભાઈનાઓ તેમના ઉપર ખરાબ નજર રાખતા હોય જેથી તેઓ તેમના જેઠનાઓ સાથે સંબંધો બંધ કરી દીધા હતા. એકાદ વર્ષ પહેલા તેઓ તેમના ખેતરે કપાસ વીણતી હતી તે વખતે તેમના જેઠ ચંદુભાઈનાઓ ત્યાં આવેલાઅને તેઓનો હાથ પકડી લીધેલો જેથી તેઓએ તેમનો હાથ છોડાવી દીધેલો. તેઓ કહેતા કે તુ કોઈને કહીશ તો તને મારી નાખીશ અને તેઓ તને જોઈ લઈશ અને જીંદગી સુધી જીવવા નહી દે તેવુ કહેતા હતા અને થોડા સમય બાદ ખેતરે કુહાડી લઈને આવેલ અને ગાળો બોલતા હોય જેથી તેઓએ ગાળો બોલવાની ના પાડતા વધુ ગાળો બોલવા લાગેલ અને તેઓ ત્યાંથી જતા રહેલા અને ઘરે આવતા રહેલા. હોળી પહેલા તેમના જેઠ ચંદુભાઈનાઓ સાથે જઘડો થયેલો અને તેઓએ તેમના અંકલેશ્વર રહેતા તેમના જેઠ સ્વરૂપચંનાઓને ચડાવી લઈ આવેલા અને તેમના જેઠ ચંદુભાઈનાઓએ તેમને ગુપ્તાંગના ભાગે મારેલુ. તે વખતે તેઓએ કોઈ ફરીયાદ આપેલ નહી. તા.૨૫/૪/૨૨ ના રોજ તેમના જેઠ ચંદુભાઈ મોતીભાઈના છોકરાના લગ્ન હોય

તે વખતે તેમના ઘરે કલમસીગ આવેલ અને તમે લગ્નમાં કેમ આવેલા નહી જેથી તેઓએ કહેલ કે મને ગુપ્તાંગના ભાગે મારેલ હોય હું લગ્નમાં આવેલ નહી. જે બાદ થોડા દીવસ પછી તેમના જેઠ સ્વરૂપચંદ અને ચંદુભાઈનાઓ ઝઘડો કરવા આવેલ અને તેઓ સરપંચના ઘરે ગયેલા અને તે વખતે સરપંચ ના હોય સાંજે ફરી એમના ઘરે ગયેલા અને તેમના જેઠનાઓ અવાર નવાર ઝઘડો કરતા હોય તા.૧૭/૫/૨૨ ના રોજ ડુંગરસીગભાઈનાઓના ઘરે તેઓ અને તેમના પતિ તેઓના ઘરે મજુરી કામ માટે ગયેલા હતા તે વખતે તમના જેઠ ચંદુભાઈ અને તેમના જેઠાણી સોમીબેનનાઓ ત્યાં આવેલા અને તેઓની ઉપર લાકડીથી હુમલો કરી દીધેલો જેથી તેઓને મોઢાના ભાગે છાતીના ભાગે તથા હાથના ભાગે ઈજા થયેલી. જેથી તેમને નીતાબેન ગુલાબસીગનાઓ અને મીઠુબેનનાઓ બતાવવા આવેલા તથા તેમના પતિ તેમને છોડાવવા વચ્ચે પડતા તેમના પતિને ચંદુભાઈનાઓએ લાકડીથી ડાબા હાથના કાંડા ઉપ્રના ભાગે માર મારેલ. જેનુ ઓપરેશન કરી સળીયો નાખેલો તથા ૪૫ દીવસનો પાટો બાંધેલો હતો. બનાવની તેમના પતિએ ફરીયાદ આપેલ.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો, તેમના પતિએ બનાવની ફરીયાદ તા.૧૯/૫/૨૨ ના રોજ આપેલ. એ વાતનો સ્વીકાર કરે છે કે ફરીયાદ પહેલાથી તેઓને આરોપીઓ સાથે જઘડો ચાલ્યા કરે છે. એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવના સમયે તેમના પતિ તથા તેઓ બંને જણા બહાર મજુરી કામે જતા હતા. હવે જણાવે છે કે તેમના પતિ મજુરી કામે ગયેલા તેઓ ઘરે રહી ઘરકામ કરતા હતા. બનાવના દીવસે તેઓ ડુંગરસીગભાઈના ઘરે મકાન બાંધકામની મજુરીએ ગયેલા. એ વાતનો ઈન્કાર કરે છે કે આ કામ ખેતરે ચાલતુ હતુ. એ વાતનો સ્વીકાર કરે છે કેઆ મકાનની આજુબાજુ બીજા લોકોના મકાન આવેલ છે. ઝઘડાનો બનાવ ૦૫:૪૫ વાગે બનેલો. આ ઝઘડામાં સૌપ્રથમ ઈજા તેમને થયેલી. બનાવ વખતે તેઓ નીચે પડી ગયેલ હોય તેવુ બનેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે તેમને લાકડી વડે મારેલુ. એ વાતનો ઈન્કાર કરે છે કે પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે તેમના જેઠ ચંદુભાઈ તેમના ઉપર ખરાબ નજર રાખતા હતા. એ વાતનો ઈન્કાર કરે છે કે પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે તેઓ તેમના ખેતરે કપાસ વીણતી હતી તે વખતે તેમના જેઠ ચંદુભાઈનાોઅ ત્યાં આવેલા અને તેમનો હાથ પકડી લેતાં તેઓએ છોડાવી લીધેલ ત્યારે ચંદુભાઈ કહેતા હતા

કે તુ કોઈને કહીશ તો તને જાનથી મારી નાખીશ. એ વાતનો ઈન્કાર કરે છે કે પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે થોડા સમય બાદ ખેતરે કુહાડી લઈને આવેલા અને ગાળો બોલતા હતા. એ વાતનો ઈન્કાર કરે છે કે પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે અં કલેશ્વર રહેતા તેમના જેઠ સ્વરૂપચંદનાઓને ચડાવી લઈ આવેલા અને તેમના જેઠ ચં દુભાઈનાઓએ તેમને ગુપ્તાંગના ભાગે મારેલુ. એ વાતનો ઈન્કાર કરે છે કે પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે તા.૨૫/૪/૨૨ ના રોજ તેમના જેઠ ચંદુભાઈ મોતીભાઈના છોકરાના લગ્ન હોય તે વખતે તેમના ઘરે કલમસીગભાઈ રૂપસીગભાઈનાઓ આવેલા અને તમે લગ્નમાં કેમ આવેલા નહી જેથી તેઓએ કહેલ કે મને ગુપ્તાંગના ભાગે મારેલ હોય હું લગ્નમાં આવેલ નહી. એ વાતનો ઈન્કાર કરે છે કે પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે ચંદુભાઈનો છોકરો ધમકી આપતો હતો. તેઓને પુછવામાં આવેલ કે તમો ડો. પાસ ે સારવાર લેવા માટે ગયેલા ત્યારે ૫:૦૦ વાગે ઈજા થયેલાનુ જણાવેલ છે. જેના જવાબમાં તેઓએ જણાવેલ કે ૫ વાગે તેઓ મજુરી કરી ઘરે આવતા હતા અને બનાવ ૫:૪૫ વાગે બનેલો. એ વાતનો સ્વીકાર કરે છે કે ડોકટરને તેઓએ ઈજા પહોચાડનાર તરીકે એક જ જણાનુ નામ જણાવેલ. એ વાતનો ઈન્કાર કરે છે કે પોલીસ રૂબરૂના નીવેદનમાં બે લાકડી લખાવેલ કે કેમ તે તેઓ ગભરાઈ ગયેલી હોય તેમને ખબર નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે પોલીસ રૂબરૂના નીવેદનમાં તેમને છાતીના ભાગે ઈજા થયેલી તથા વાળ ખેંચી ઈજા કરેલાનુ જણાવેલુ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે પોલીસ રૂબરૂના નીવેદનમા એવુ લખાવેલ નથી કે તેમના પતિ તુલસીભાઈનાઓનુ ઓપરેશન કરી સળીયો નાખેલો તથા ૪૫ દીવસનો પાટો બાંધેલો હતો. લાકડી કેટલી લાંબી હતી અને કેટલી ગાંઠો હતી તે તેઓ ગભરાઈ ગયેલ હોય તેમને ખબર નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવ સમયે તેઓ ગભરાઈ ગયેલી હોય મુદામાલમાં બતાવેલી તે જ લાકડી હતી કે બીજી હતી તે તેઓ ચોકકસ કહી શકે નહી. એ વાતનો ઈન્કાર કરે છે કે આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં અને આવો કોઈ માર મારેલ ન હોવા છતા તેમના પતિને સમર્થન આપવા ખોટી જુબાની આપે છે.

(૭.૩) સદર કામે ફરીયાદપક્ષ તરફેના ગુનાવાળી જગ્યાનાં પંચનામાના પંચસાહેદ કોટનીયાભાઈ ઓકરીયાભાઈને આંક–૧૨ થી તથા અન્ય પંચસાહેદ અમીરભાઈ ગંભીરભાઈને આંક–૧૪ થી

તપાસતા તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે,પોલીસ ે તેઓને પોલીસ સ્ટેશનમાં બોલાવી એક લખેલા તૈયાર કાગળમાં સહી કરાવેલી. તેઓએ પં ચનામામાં સહી કર્યા સિવાય બીજી કોઈ જાત માહીતી નથી. જે પંચનામામાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. જે પંચનામાને આ કામે દાખલ આંક –૧૩ થી રજુ કરવામાં આવેલ છે.

સદર કામે વિ.એ.પી.પી.શ્રીએ સદર પંચસાહેદને અદાલતની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરાવી ઉલટ તપાસ કરતા પંચસાહેદએ સદર કેસને સમર્થન આપે તેવી જુબાની આપેલ નથી. ત્યારબાદ આરોપી તરફેના વિ.વશ્રી મારફત સદર પંચસાહેદોની ઉલટ તપાસ કરતા તેઓએ જણાવેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી. તે સિવાય પંચનામા વિશે બીજી કોઈ હકીકત જાણતા નથી.

(૭.૪) સદર કામે ફરીયાદપક્ષ તરફેના શરીર સ્થિતિના પંચનામાના પંચસાહેદ વીરસીગભાઈ બાબુભાઈને આંક–૧૫ થી તથા અન્ય પંચસાહેદ નારસીગભાઈ દેવજીભાઈને આંક–૧૭ થી તપાસતા તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસ ે તેઓને પોલીસ સ્ટેશનમાં બોલાવી એક લખેલા તૈયાર કાગળમાં સહી કરાવેલી. તેઓએ પં ચનામામાં સહી કર્યા સિવાય બીજી કોઈ જાત માહીતી નથી. જે પંચનામામાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. જે પંચનામાને આ કામે દાખલ આંક –૧૬ થી રજુ કરવામાં આવેલ છે.

સદર કામે વિ.એ.પી.પી.શ્રીએ સદર પંચસાહેદને અદાલતની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરાવી ઉલટ તપાસ કરતા પંચસાહેદએ સદર કેસને સમર્થન આપે તેવી જુબાની આપેલ નથી. ત્યારબાદ આરોપી તરફેના વિ.વશ્રી મારફત સદર પંચસાહેદોની ઉલટ તપાસ કરતા તેઓએ જણાવેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી. તે સિવાય પંચનામા વિશે બીજી કોઈ હકીકત જાણતા નથી.

(૭.૩) ફરીયાદપક્ષે ત.ક.અ.કંચનભાઈ ખાલપાભાઈનાઓને આંક–૧૮ થી સોગંદ પર તપાસતા તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તા. ૧૯/૫/૨૦૨૨ નાં રોજ તેઓ દે.પાડા પો.સ્ટે. તેઓની ફરજ ઉપર હાજર હતો ત્યારે ફરીયાદી

નામે તુલસીભાઈ મોતીભાઈ વસાવાનાઓએ ફરીયાદ આપતા તેઓનાં લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઈ ગુનો રજી. કરવા પી.એસ.ઓ. તરફ મોકલવામાં આવેલ ત્યારબાદ પી.એસ.ઓ.એ દે.પાડા પો.સ્ટે.નાં પાર્ટ એ ગુના રજી.નંબર – ર૯૧ /રર, ઈી.પી.કો. કલમ ૩ર૩,૫૦૪, ૫૦૬(ર), ૧૧૪ મુજબનો ગુનો રજી. કરી આગળની તપાસ અમોને સુપ્રત કરતા બે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પં ચનામું કરેલ તથા લાગતા વળગતા સમહેદોનાં નિવેદન લઈ તથા આરોપીએ અટક કરી જે અંગેનું અટક તથા ગુનામાં વપરાયેલ વાંસની લાકડી આરોપી પાસેથી કબજે લીધેલ જે અંગેનું પંચનામું કરી તથા ઈજા પામનારનાં મેડિ.સર્ટી. મેળવી આરોપી વિરુધ પુરતા પુરાવા હોઈ નામદાર કોર્ટમાં આર્જશીટ કરેલ.

બચાવપક્ષે સદર ત.ક.અ.ની ઉલટતપાસ જોવામાં આવે તો એ વાતનો સ્વીકાર કરે છે કે કહેવાતો બનાવ તા.૧૭/૫/રર નાં રોજ બનેલો જેની ફરીયાદ તા.૧૯/૫/રર નાં રોજ આપવામાં આવેલ છે. એ વાતનો સ્વીકાર કરે છે કે આરોપી અને ફરીયાદી સગા ભાઈઓ છે. એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવ સ્થળની નજીકમાં બીજા લોકોનાં રહેણાંકનાં મકાનો આવેલા છે. એ વાતનો સ્વીકાર કરે છે કે સાહેદ તરીકે ફરીયાદીનાં પત્ની લક્ષ્મીબેનનું નિવેદન લેવામાં આવેલ છે, આજુ–બાજુ રહેતાં બીજા કોઈ સાહેદનાં નિવેદન લીધેલ નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ તેમની ફરીયાદમાં એવું લખાવેલ નથી કે,"મજૂરી કામેથી ઘરે આવતા હતા ત્યારે મારા ભાઈ ચંદુભાઈ મારી ભાભી નાઓએ રસ્તામાં અમારી ઉપર હુમલો કરી દીધેલો." એ વાતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ તેમની ફરીયાદમાં એવું લખાવેલ નથી કે," મારા ભાઈ ચંદુભાઈ મોતીભાઈનાઓએ મારી પત્ની લક્ષ્મીબેનને પકડીને મારવાનું ચાલુ કરી દીધું હતું." એ વાતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ તેમની ફરીયાદમાં એવું લખાવેલ નથી કે,"મારી પત્નીને વાળ પકડીને પણ માર મારેલો". એ વાતનો સ્વીકાર કરે છે કે આ કામે એક જ લાકડી

મુદદામાલ તરીકે કબજે કરેલ છે. એ વાતનો સ્વીકાર કરે છે કે સાહેદ લક્ષ્મીબેનને મારી રૂબરૂ નિવેદનમાં એવું લખાવેલ નથી કે," મને લાકડી વડે મારેલું." એ વાતનો સ્વીકાર કરે છે કે સાહેદ લક્ષ્મીબેનને તેઓની રૂબરૂ નિવેદનમાં એવું લખાવેલ નથી કે," મારા જેઠ ચંદુભાઈ મારી ઉપર ખરાબ નજર રાખતા હતા. તેઓ તેમના ખેતરે કપાસ વીણતી હતી ત્યારે તેમના જેઠ ચંદુભાઈ તયાં આવેલા અને તેઓનો હાથ પકડી લેતાં તેઓ છોડાવી લીધેલો ત્યારે ચંદુભાઈ કહેતા હતા કે તને કોઈવાર મારી નાંખીશ." એ વાતનો સ્વીકાર કરે છે કે સાહેદ લક્ષ્મીબેનને તેઓની રૂબરૂ નિવેદનમાં એવું લખાવેલ નથી કે," પછી થોડા સમય બાદ ખેતરે કુહાડી લઈને આવેલા અને ગાળો બોલતા હતા." એ વાતનો સ્વીકાર કરે છે કે સાહેદ લક્ષ્મીબેનને તેઓની રૂબરૂ નિવેદનમાં એવું લખાવેલ નથી કે," તા.૧૭/૫/૨૨ નાં રોજ ડુંગરસીગભાઈનાં ઘરે હું અને મારા પતી મજુરી કામ માટે ગયેલા હતા તે વખતે મારા જેઠ ચંદુભાઈ અને મારી જેઠાણી સોમીબેનનાઓ તે આવેલા અને અમારી ઉપર લાકડીથી હુમલો કરી દીધેલો." એ વાતનો સ્વીકાર કરે છે કે સાહેદ લક્ષ્મીબેનને તેઓની રૂબરૂ નિવેદનમાં એવું લખાવેલ નથી કે," અંકલ ેશ્વર રહેતાં મારા જેઠ સ્વરૂત્તમનાઓને ચઢાવીને લઈ આવેલા અને મારા જેઠ ચં દુભાઈનાઓએ મને ગુપ્તાંગનાં ભાગે મારેલું." એ વાતનો સ્વીકાર કરે છે કે સાહેદ લક્ષ્મીબેનને તેઓની રૂબરૂ નિવેદનમાં એવું લખાવેલ નથી કે," તાં .૨૫/૪/૨૨નાં રોજ મારા જેઠ ચંદુભાઈ મોતીભાઈના છોકરાનાં લગ્ન હોઈ તે વખતે અમારા ઘરે કલમસીંગ નાઓ આવેલા અને લગ્નમાં કેમ આવેલા નહી. તેવું કહેતાં તેઓએ કહેલ કે, મને ગુપ્તાંગનાં ભાગે મારેલ હોઈ હું લગ્નમાં આવેલ નહી." એ વાતનો સ્વીકાર કરે છે કે સાહેદ લક્ષ્મીબેનને તેઓની રૂબરૂ નિવેદનમાં એવું લખાવેલ નથી કે," ચંદુભાઈનો છોકરો ધમકી આપતો હતો". એ વાતનો ઈન્કાર કરે છે કે ફરીયાદીએ ખોટી ફરીયાદ આપેલ છે અને ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૭.૩) ફરીયાદપક્ષે ડો. ઝંખનાબેન શંકરભાઈનાઓને આંક–૨૦ થી સોગંદ પર તપાસતા તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે,તા. ૧૭/૫/૨૦૨૨ નાં રોજ સાંજે ૧૦:૪૫ વાગે તેઓ દે.પાડા હોસ્પિટલમા ડયુટી પર હાજર હતી તે સમયે દર્દી નામે લક્ષ્મીબેન તુલસીભાઈ વસાવા, ઉં.વ. ૩૫, જેઓ તેમનાં પતી સાથે હોસ્પીટલમાં આવેલા. તેઓને પુછતાં તેઓએ જણાવેલ કે, તા. ૧૭/૫/૨૦૨૨ નાં રોજ લગભગ સાંજે ૫ વાગ્યાની આસપાસ તેઓનાં ઘરે ચુલી ગામનાં ચંદુભાઈ મોતીભાઈ વસાવાએ લાકડી તથા હાથથી મારેલ છે. દર્દી ભાનમાં હતુ, બોલી શકતો હતો. તેઓને તપાસતા તેમનાં નીચેનાં હોઠની જમણી બાજુ એ ઉઝરડાનુ નીશાન હતું. જે સાઈઝમાં ૧ સે.મી.× ૦.૫ સે.મી.× ચામડી સુધીનો હતો. તેઓએ દાંતમાં દુખાવાનું પણ જણાવેલ અને તપાસતાં તે દાંત હલતો હતો. તેમની છાતી ઉપર ૬×૪ સે.મી. નું ચકામું હતું જે લાલ રંગનું હતું. તેઓનાં ડાબા હાથમાં ઉઝરડાનું નીશાન હતું જે ૫ સે.મી.× ૪ સે.મી. × ચામડી સુધીનું હતું. તેમનાં માથાનાં ડાબા કાનની પાછળનાં ભાગે એક ઉઝરડાનું નીશાન હતું જેની સાઈઝ ૩ સે.મી.×૩ સે.મી.× ચામડી સુધીનુ હતું. જેઓને પ્રાયમરી સારવાર આપી વધુ તપાસ અને સારવાર માટે રાજપીપળા સરકારી દવાખાને રીફર કરવામાં આવેલા. દર્દીને થયેલી ઈજા પૈકી માથા અને દાંતની ઈજા માટે હું કાંઈ કહી ના શકું જયારે બાકીની ઈજાઓ સામાન્ય પ્રકારની હતી. આ ઈવાઓ સખત અને બોથડ પ્રદાર્થથી થઈ શકે તે પ્રકારની હતી. આ ઈજાઓ બાર કલાક પહેલાની હોઈ શકે. જો કોઈ કોમ્પલીકેશન ના થાય તો આવી ઈજા ૭ થી ૧૦ દીવસમાં મટી શકે તેવા પ્રકારની હતી. આ અંગેનું સારવાર સર્ટી આંક–૨૧ થી રજુ છે. બીજા દર્દી નામે તુલસીભાઈ મોતીભાઈ વસાવા, ઉં.વ. ૪૧, જેઓ તેમનાં પત્ની સાથે હોસ્પીટલમાં આવેલા. તેઓને પુછતાં તેઓએ જણાવેલ કે, તા. ૧૭/૫/૨૦૨૨ નાં રોજ લગભગ સાંજે ૫ વાગ્યાની આસપાસ તેઓનાં ઘરે ચુલી

ગામનાં ચંદુભાઈ મોતીભાઈ વસાવાએ લાકડી તથા હાથથી મારેલ છે. દર્દી ભાનમાં હતુ, બોલી શકતો હતો. તેઓને તપાસતા તેઓનાં ડાબા હાથમાં ૧૦ સે.મી.× ૬ સ ે.મી. નો સોજો હતો અને ડોફોરમીટી જણાતી હતી. ફ્રેકચર જેવું લાગતા દર્દીને દે.પાડા હોસ્પિટલમાં ઓર્થો. ડોકટર હાજર હોય તેઓને રીફર કરેલા હતા. એકસ – રે કરાવતા તેમનાં ડાબા હાથમાં ફ્રેકચર રેડીયસ ત્રણ અઠવાડીયા જુનું જણાતું હતું. દર્દીને અંદરનાં દર્દી તરીકે દાખલ કરવા જણાવેલ પરંતુ દર્દીએ ના પાડેલ. પરંતુ તા ૧૯/૫/૨૨ નાં રોજ ફરી દાખલ થવા આવેલો અને તારીખ ૨૧/૫/૨૨ નાં રોજ ડીસ્ચાર્જ આપેલું. દર્દીને થયેલી ઈજા જુની ઈજા હોય તે અંગે કાંઈ જવાર આપી શકું નહીં. આ અંગેનું સારવાર સર્ટી તેઓએ લખી આપેલ જે સારવાર સર્ટી આંક–૨૨ થી રજુ છે.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો એ વાતનો સ્વીકાર કરે છે કે તેઓની પાસે દર્દી આવેલા ત્યારે સંપૂર્ણ ભાનમાં હતા અને તેઓઅ તેમને કેસ હિસ્ટ્રી પુછેલી. એ વાતનો સ્વીકાર કરે છે કે લક્ષ્મીબેને તેમને બનાવની તારીખ ૧૭/૫/૨૨ જણાવેલી અને બનાવનો સમય સાંજનાં ૫:૦૦ વાગ્યાનો જણાવેલ. એ વાતનો સ્વીકાર કરે છે કે આ દર્દીએ તેમને બે જણાએ માર્યુ તેવુ જણાવેલ નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે લક્ષ્મીબેને શરીરનાં કયા ભાગ પર આરોપીએ મારેલું તે લખાવેલ નથી. ચકામો એટલે કન્ટયુઝન અને ઉઝરડો એટલે એબ્રેઝલ કહેવાય. એ વાતનો સ્વીકાર કરે છે કે જો કોઈ વ્યકિત કાંટાળી વનસ્પતી નાં સંપર્કમાં આવે તો ઉઝરડો થઈ શકે. એ વાતનો ઈન્કાર કરે છે કે લક્ષ્મીબેનને થયેલી છાતીની ઈજા તીક્ષ્ણ હથીયાર થી થઈ શકે તેવા પ્રકારની હતી. એ વાતનો સ્વીકાર કરે છે કે જો કોઈ વ્યકિત કોઈપણ પ્રકારની વસ્તુ સાથે જોરથી અથડાય તો ચકામું થઈ શકે. એ વાતનો સ્વીકાર કરે છે કે ઈજાનાં કલર ઉપરથી ઈજાનો સમયગાળો જાણી શકાય.

**(૮)** પ્રસ્તુત કેસમાં આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનાનું તહોમત છે. આ કામે ફરિયાદીના કેસના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં

આવે તો આ કામનાં ફરીયાદી તુલસીભાઈ મોતીભાઈનો આંક–૯ થી રજુ પુરાવો જોવામાં આવે તો સરતપાસમાં બનાવના દીવસે તેઓ અને તેમના પત્નિ લક્ષ્મીબેનનાઓ તેઓના ગામમાં મજુરી કામે ગયેલા અને મજુરી કામેથી સાંજના પોણા છ એક વાગે તેમના ઘરે આવતા હતા ત્યારે તેમના ભાઈ ચંદુભાઈનાઓ તથા તેમના ભાભી સોમીબેનનાઓએ રસ્તામાં તેઓની ઉપર હુમલો કરી દીધેલો તે વખતે તેમના ભાઈ ચંદુભાઈએ તેઓની પત્નિ લક્ષ્મીબેનનાઓને પકડીને મારવાનુ ચાલુ કરી દીધુ હતુ અને માની નાંખવાની ધમકી આપેલી. તેવખતે તેઓ તેમની પત્નિ લક્ષ્મીબેનનાઓને છોડાવવા વચ્ચે પડેલા તે વખતે તેમના ભાઈ ચંદુભાઈનાઓએ કહેલ કે તુ કેમ છોડવે છે અને તેમ કહી તેમને પણ ગાળો આપવા લાગેલા અને તેના હાથમાંની લાકડીથી તેમને ડાબા હાથની કોણીના નીચેના ભાગે માર મારવા લાગેલ. જેથી તેઓનો હાથ ભાંગી ગયેલ અને તેઓની પત્નિ લક્ષ્મીબેનનાઓને પણ છાતીના ભાગે અને મોઢાના ભાગે તથા જમણા હાથના ભાગે ઈજા થયેલ અને વાળ પકડીને માર મારેલો. વધુમાં સદર સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો બનાવવાળી જગ્યાની આજુબાજુ બીજા બધાના મકાનો આવેલ છે. પ્રથમ ઈજા તેઓની પત્નિને થયેલી. તેઓની પત્નિને ચં દુભાઈએ લાકડી વડે અને હાથ વડે મારેલુ. એ વાતનો ઈન્કાર કરે છે કે બનાવ શરૂ થયો ત્યારથી બનાવ પુરો થયો ત્યાં સુધી આરોપીના હાથમાં લાકડી હતી. બનાવ અડધો પોણો કલાક ચાલેલો. તેઓને પુછવામાં આવેલ કે બનાવમાં તમે કે તમારી પત્નિએ બુમો પાડેલી નહી. જેના જવાબમાં તેઓએ જણાવેલ કે તેઓની પત્નિએ બુમો પાડેલી. એ વાતનો ઈન્કાર કરે છે કે તેઓની પત્નિએ બુમો પાડી ત્યારે તેઓ ઝઘડો ચાલતો ત્યાં જ હતો. એ વાતનો ઈન્કાર કરે છે કે તેઓની પત્નિની બુમો સાંભળી આજુબાજુમાં રહેતા કોઈ છોડાવવા આવેલા નહી. નીતાબેન ગુલાબસીહ અને મીઠુબેન સ્વ. જનાભાઈ છોડાવવા આવેલા. એ વાતનો સ્વીકાર કરે છે કે નીતાબેન ગુલાબસી હ અને મીઠુબેન સ્વ.જનાભાઈ નુ નીવેદન લીધેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે બનાવમાં તેઓની પત્નિ નીચે પડી ગયેલા. એ વાતનો સ્વીકાર કરે છે કે આરોપી તેઓના મોટાભાઈ થાય છે અને તેઓને તેઓની સાથે પહેલાથી બનતુ નથી.

વધુમાં હાલના સાહેદ લક્ષ્મીબેન તુલસીભાઈનો આંક–૧૧ થી રજુ પુરાવો જોવામાં આવે તો, સરતપાસમાં હોળી પહેલા તેમના જેઠ ચંદુભાઈનાઓ સાથે જઘડો થયેલો અને તેઓએ તેમના અંકલેશ્વર રહેતા તેમના જેઠ સ્વરૂપચંનાઓને ચડાવી લઈ આવેલા

અને તેમના જેઠ ચંદુભાઈનાઓએ તેમને ગુપ્તાંગના ભાગે મારેલુ. તે વખતે તેઓએ કોઈ ફરીયાદ આપેલ નહી. તા.૨૫/૪/૨૨ ના રોજ તેમના જેઠ ચંદુભાઈ મોતીભાઈના છોકરાના લગ્ન હોય તે વખતે તેમના ઘરે કલમસીંગ આવેલ અને તમે લગ્નમાં કેમ આવેલા નહી જેથી તેઓએ કહેલ કે મને ગુપ્તાંગના ભાગે મારેલ હોય હું લગ્નમાં આવેલ નહી. જે બાદ થોડા દીવસ પછી તેમના જેઠ સ્વરૂપચંદ અને ચંદુભાઈનાઓ ઝઘડો કરવા આવેલ અને તેઓ સરપંચના ઘરે ગયેલા અને તે વખતે સરપંચ ના હોય સાંજે ફરી એમના ઘરે ગયેલા અને તેમના જેઠનાઓ અવાર નવાર ઝઘડો કરતા હોય તા.૧૭/૫/૨૨ ના રોજ ડુંગરસીગભાઈનાઓના ઘરે તેઓ અને તેમના પતિ તેઓના ઘરે મજુરી કામ માટે ગયેલા હતા તે વખતે તમના જેઠ ચંદુભાઈ અને તેમના જેઠાણી સોમીબેનનાઓ ત્યાં આવેલા અને તેઓની ઉપર લાકડીથી હુમલો કરી દીધેલો જેથી તેઓને મોઢાના ભાગે છાતીના ભાગે તથા હાથના ભાગે ઈજા થયેલી. જેથી તેમને નીતાબેન ગુલાબસીગનાઓ અને મીઠુબેનનાઓ બતાવવા આવેલા તથા તેમના પતિ તેમને છોડાવવા વચ્ચે પડતા તેમના પતિને ચંદુભાઈનાઓએ લાકડીથી ડાબા હાથના કાંડા ઉપ્રના ભાગે માર મારેલ. વધુમાં સદર સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો એ વાતનો ઈન્કાર કરે છે કે પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે તા.૨૫/૪/૨૨ ના રોજ તેમના જેઠ ચંદુભાઈ મોતીભાઈના છોકરાના લગ્ન હોય તે વખતે તેમના ઘરે કલમસીંગભાઈ રૂપસીગભાઈનાઓ આવેલા અને તમે લગ્નમાં કેમ આવેલા નહી જેથી તેઓએ કહેલ કે મને ગુપ્તાંગના ભાગે મારેલ હોય હું લગ્નમાં આવેલ નહી. એ વાતનો ઈન્કાર કરે છે કે પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે ચંદુભાઈનો છોકરો ધમકી આપતો હતો. તેઓને પુછવામાં આવેલ કે તમો ડો. પાસે સારવાર લેવા માટે ગયેલા ત્યારે ૫ઃ૦૦ વાગે ઈજા થયેલાનુ જણાવેલ છે. જેના જવાબમાં તેઓએ જણાવેલ કે ૫ વાગે તેઓ મજુરી કરી ઘરે આવતા હતા અને બનાવ ૫ઃ૪૫ વાગે બનેલો. એ વાતનો સ્વીકાર કરે છે કે ડોકટરને તેઓએ ઈજા પહોચાડનાર તરીકે એક જ જણાનુ નામ જણાવેલ. એ વાતનો ઈન્કાર કરે છે કે પોલીસ રૂબરૂના નીવેદનમાં બે લાકડી લખાવેલ કે કેમ તે તેઓ ગભરાઈ ગયેલી હોય તેમને ખબર નથી.

વધુમાં હાલના કામે મેડીકલ ઓફીસર ઝંખનાબેન શંકરભાઈનો આંક–૨૦ થી રજુ પુરાવો જોવામાં આવે તો, એ વાતનો સ્વીકાર કરે છે કે તેઓની પાસે દર્દી આવેલા ત્યારે સંપૂર્ણ ભાનમાં

હતા અને તેઓઅ તેમને કેસ હિસ્ટ્રી પુછેલી. એ વાતનો સ્વીકાર કરે છે કે લક્ષ્મીબેને તેમને બનાવની તારીખ ૧૭/૫/૨૨ જણાવેલી અને બનાવનો સમય સાંજનાં ૫:૦૦ વાગ્યાનો જણાવેલ. એ વાતનો સ્વીકાર કરે છે કે આ દર્દીએ તેમને બે જણાએ માર્યુ તેવુ જણાવેલ નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે લક્ષ્મીબેને શરીરનાં કયા ભાગ પર આરોપીએ મારેલું તે લખાવેલ નથી. ચકામો એટલે કન્ટયુઝન અને ઉઝરડો એટલે એબ્રેઝલ કહેવાય. એ વાતનો સ્વીકાર કરે છે કે જો કોઈ વ્યકિત કાંટાળી વનસ્પતી નાં સંપર્કમાં આવે તો ઉઝરડો થઈ શકે. એ વાતનો ઈન્કાર કરે છે કે લક્ષ્મીબેનને થયેલી છાતીની ઈજા તીક્ષ્ણ હથીયાર થી થઈ શકે તેવા પ્રકારની હતી.

આમ, હાલના કામે સમગ્ર પુરાવાઓની છણાવટ કરવામાં આવે તો, આ કામના ફરીયાદીની આંક–૧૨ ની ફરીયાદ હકીકત મુજબ ,**મજુરી કામેથી સાંજના ઘરે આવેલાં,**ની હકીકત જણાવેલ છે.જયારે આંક–૯ ની જુબાનીમાં ફરીયાદીએ,**મજુરી કામેથી સાંજના પોણા છ વાગે અમારા ઘરે આવતાં હતા ત્યારે રસ્તામાં આરોપીઓએ અમારા ઉપર હુમલો કરી દીધા**નું જણાવેલ છે.તેમજ ડોકટશ્રી રૂબરૂ પણ બનાવ નો સમય જુદો લખાવેલ છે. **આ સંજોગોમાં બનાવનું સ્થળ શંકાસ્પદ બની રહે છે.** ફરીયાદીએ પોતાની આંક–૯ ની જુબાનીમાં લક્ષ્મીબેનને પકડીને મારવાનું ચાલુ કરી દીધેલાં,માત્ર ની હકીકત જણાવી છે.પરંતુ કયાં અને શેના વડે મારેલ તે જણાવેલ નથી.વધુમાં ફરીયાદીએ પોતાની જુબાનીમાં પોતાના માટે જણાવેલ છે કે,ગાળો અને ધમકી આપેલા અને હાથમાંની લાકડીથી ડાબા હાથની કોણીના નીચેના ભાગે મારેલાંનું જણાવેલ છે.પરંતુ આ કામે ડોકટરશ્રીની આંક–૨૦ ની જુબાનીમાં ડોકટરે ભોગ બનનાર તુલસીભાઈ માટે જણાવેલ છે કે," એકસ – રે કરાવતા તેમનાં ડાબા હાથમાં ફ્રેકચર રેડીયસ ત્રણ અઠવાડીયા જુનું જણાતું હતું. દર્દીને અંદરનાં દર્દી તરીકે દાખલ કરવા જણાવેલ પરંતુ દર્દીએ ના પાડેલ. પરંતુ તા ૧૯/૫/૨૨ નાં રોજ ફરી દાખલ થવા આવેલો અને તારીખ ૨૧/૫/૨૨ નાં રોજ ડીસ્ચાર્જ આપેલું. દર્દીને થયેલી ઈજા જુની ઈજા હોય તે અંગે કાંઈ જવાર આપી શકું નહી. આ અં ગેનું સારવાર સર્ટી તેઓએ લખી આપેલ જે સારવાર સર્ટી આંક–૨૨ થી રજુ છે ",આમ, તુલસીભાઈ ની ઈજા ત્રણ અઠવાડીયા જુની હતી,એટલે આ બનાવમાં તેઓને કોઈ ઈજા

થયેલ નથી તેમ સ્પષ્ટ રીતે કહી શકાય.,તથા નામ.કોર્ટ રૂબરૂ ખોટી હકીકતો સાથે આવેલ છે અને ખોટી ફરીયાદ હકીકત જણાવીને ખોટી રજુઆત કરેલાંનું રજુ મેડીકલ પુરાવાથી સ્પષ્ટ થાય છે.વધુમાં બનાવ તા. ૧૭–૫–૨૨ ના રોજ બનેલાનું જણાવેલ છે,અને તેની ફરીયાદ તા.૧૯–૫–૨૨ ના રોજ આપેલ છે.આમ,ફરીયાદ પણ મોડી આપેલ છે અને તે મોડી આપવા બદલ કોઈ ખુલાસો પણ રજુ કરેલ નથી.વળી,ફરીયાદી અને તેની પત્ની ને આરોપીઓ સાથે પ્રથમ થી સને–૨૦૦૯–૨૦૧૦ થી અણબનાવ ચાલ્યો આવે છે.જે હકીકત ફરીયાદીની પત્નીએ પોતાની સરતપાસમાં જણાવેલ છે,જે હાલના બનાવ સાથે સબંધીત નથી પરંતુ અણબનાવને લઈને ખોટી ફરીયાદ આપેલાંનું જણાય છે.વધુમાં આ કામના ફરીયાદીના પત્ની મુદદામાલ લાકડી અંગે પણ ઉલટતપાસમાં જણાવે છે કે," એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવ સમયે તેઓ ગભરાઈ ગયેલી હોય મુદામાલમાં બતાવેલી તે જ લાકડી હતી કે બીજી હતી તે તેઓ ચોકકસ કહી શકે નહી. એ વાતનો ઈન્કાર કરે છે કે પોલીસ રૂબરૂના નીવેદનમાં બે લાકડી લખાવેલ કે કેમ તે તેઓ ગભરાઈ ગયેલી હોય તેમને ખબર નથી. લાકડી કેટલી લાંબી હતી અને કેટલી ગાંઠો હતી તે તેઓ ગભરાઈ ગયેલ હોય તેમને ખબર નથી ". બનાવ સમયે આરોપીના હાથમાં મુદામાલ તરીકે શું હતુ તે હાલના કામના સાહેદ ઓળખી શકેલ નથી. આમ,સમગ્ર રીતે પુરાવાની હકીકત જોતાં બનાવ જ શંકાસ્પદ જણાય છે.વધુમાં આ કામે બનાવ વખતે બુમાબુમ કરેલાનું જણાવેલ છે તે બાબતે જુબાનીમાં જણાવેલ છે કે," એ વાતનો ઈન્કાર કરે છે કે તેઓની પત્નિની બુમો સાંભળી આજુબાજુમાં રહેતા કોઈ છોડાવવા આવેલા નહી.નીતાબેન ગુલાબસીહ અને મીઠુબેન સ્વ. જનાભાઈ છોડાવવા આવેલા ". જો આવા બે જણાં છોડાવવા આવેલાં હોય તો તેવાં બનાવને નજરે જોનારાઓને આ કામે સાહેદ તરીકે ત.ક.એ લીધેલ નથી તથા ફરીયાદપક્ષે આવા સાહેદોને આ કામે તેથી તપાસેલ નથી અને જે સાહેદો છે તે હીત ધરાવતા સાહેદ છે. જેથી પણ બનાવ શંકાસ્પદ બની રહે છે. તે સંજોગોમાં ફરીયાદપક્ષ

પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરી શકેલ નથી.તેથી ફરીયાદપક્ષ આરોપીએ ફરીયાદી અને તેની પત્ની ને મારેલ હોય તેવી કોઈ જ હકીકત પુરવાર કરી શકેલા ન હોઈ,તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર સાબિત કરી શકેલ નથી.

**(૯)** વધુમાં આ કામે આરોપી વિરુઘ્ધ ઈ.પી.કો.કલમ.૫૦૪ મુજબનો આક્ષેપ છે. ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૪ ના મહત્વના તત્વો જોવામાં આવે તો,

**<u>૫૦૪:–</u>**

(૧) આરોપીએ ઈરાદાપૂર્વક કોઈ વ્યકિતનું અપમાન કર્યુ,

(ર) તેમ કરીને આરોપીને વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી

(૩) આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરશે અથવા ગુનો કરી બેસશે. કલમ ૫૦૪ના તત્વો વંચાણે લેવામાં આવે તો તેના પ્રસ્થાપિત સિઘ્ધાંત મુજબ જયારે આરોપીઓ સામે એકબીજાની મદદગારીમાં ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૪ અન્વયે બિભત્સ ગાળો આપવાનો આક્ષેપ કરવામાં આવેલ હોય ત્યારે ફરીયાદીએ બનાવ સમયે, આરોપીએ ચોકકસ કયાં પ્રકારનાં શબ્દોનો પ્રયોગ કર્યો હતો તે હકીકત લાવવી જરૂરી છે માત્ર ફરીયાદી તેમની જુબાનીમાં આરોપીએ બીભત્સ ગાળો આપેલી તેટલું પુરતું નથી સદર કામે રીયાદીએ આરોપીએ બોલાચાલીમાં કયા શબ્દોનો પ્રયોગ થયેલ તે પ્રકારની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી તેમજ આરોપીઓએ ઈરાદાપૂર્વક અપમાન કરી ફરીયાદીને ઉશ્કેરી જાહેર સુલેહ શાંતિનો ભંગ થયેલ હોય તેવું ફરીયાદપક્ષ સાબીત કરવામાં નિષ્ફળ નીવડેલ છે.

વધુમાં આ કામે આરોપી વિરુઘ્ધ ઈ.પી.કો.કલમ–૫૦૬(ર) મુજબનો આક્ષેપ છે જે અં ગે કલમ–૫૦૬(ર) ના મુળભુત તત્વો જોવામાં આવે તો, નીચે મુજબ છે.

(૧) આરોપીએ ફરીયાદીને તેના શરીર, મિલકત અથવા પ્રતિષ્ઠા કે તે અન્ય વ્યકિતમાં હિત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની ધમકી આપી.

(ર) આવી ધમકી ફરીયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનૂન બઘ્ધ ન

હોય તેવું કૃત્ય કરે અથવા જે કરવાને પોતાને કાનૂની અધિકાર હોય તેવુ કૃત્ય ન કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુનો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારિત્ય હીનતાનો આક્ષેપ કરવા અંગેની હતી.ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર કરવા માટે સૌ પ્રથમ એવું સાબીત કરવાનું રહે છે કે, આરોપીઓએ એકબીજાની મદદગારીમાં આવી ધમકી આ કામના ફરીયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનૂનબધ્ધ ન હોય તેવું કૃત્ય ન કરે તેવા ઈરાદાથી આપવામાં આવેલ હતી જે કેસના સંજોગો પરથી નિર્ણીત કરી શકાય.આ બાબત શબ્દ પુરતી સીમીત ન રહેવી જોઈએ એટલે કે,ધમકી ભર્યા ઉચ્ચારેલ શબ્દથી ફરીયાદી ઉપર તેની અસરકારક અસર જણાય આવવી જોઈએ. માત્ર જાનથી મારી નાખવાના ઉચ્ચારણથી ઈ.પી.કો.કલમ –૫૦૬(૨) મુજબનો ગુનો બનતો નથી ફરીયાદપક્ષે તે આક્ષેપ નિઃશંકપણે સાબીત કરવો જોઈએ અને આ ધમકીના કારણે ભયભીત થયેલ હોય અને તેમનું રોજબરોજનું કામકાજ કરી શકતા ન હતા કે આરોપીઓની ધમકીના કારણે ઘરની બહાર નીકળી શકતા ન હોય કે સતત ભય નીચે જીવતા હોય તેવી હકીકત સાબીત થતી નથી. આ ઉપરાંત આ કામના અન્ય સાહેદોએ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ નથી તેથી ફરીયાદપક્ષ આરોપીઓ દ્વારા આપવામાં આવેલ ધમકીના કારણે સદર ફરીયાદી ભય નીચે જીવતા હોય અને તેમના રોજબરોજનુ કામ કરવામાં તેમને ભય કે ડર લાગતો હોય તેવુ સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ હોય. ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ પી.કો.કલમ ૫૦૬(૨) મુજબનો ગુનો નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

વધુમાં નામ.ગુજરાત હાઈકોર્ટનાં નીચે દર્શાવેલ ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં The Hon'ble Gujarat High Court has held the ratio in it's decision delivered in case of ***STATE OF GUJARAT Vs. PRAVINSINH RANUBHA GARASIA*** that when the case is full of defects and infirmities that the whole case becomes doubtful, then prosecution has utterly failed to

prove the case. The Hon'ble Gujarat High Court has held the ratio in it's decision delivered in case of ***RAYSING LALSING DARBAR Vs. STATE OF GUJARAT*** that when in view of discrepancies appearing on record, the complainants case is shrouded in mystry and his version becomes doubtful as to occurrence of the incident in question, the case of complainant is not free from doubt, the benefit of doubt has to operate in favour of the accused according to well settled principles of criminal law. The Hon'ble Gujarat High Court has held the ratio in it's decision delivered in case of ***DHIRAJLAL VANMALIDAS THAKKAR Vs. B. M. RAO*** that upon going through the evidence on records, it is found that the statement of complainant were full of contradiction qua his complaint and there is no material on record to corroborate the oral version of complainant and several witnesses were declared hostile and other did not support the story and theory of complainant, there is no mistake if version of complainant is doubt. The Hon'ble Gujarat High Court has held the ratio in it's decision delivered in case of ***LILUBHA MAHOBATSING Vs. STATE OF GUJARAT*** that in criminal trial, necessity of proving the guilt of accused beyond reasonable doubt rest on prosecution and where the result rests only on inferences or conjections, that approach which helps the accused must be accepted and further held that when there is demarcating line between “Facts Proved” and Fact Not Proved”, then benefit must go to accused.

The Hon'ble Gujarat High Court has held in the case

of ***KARUBHAI Vs. STATE OF GUJARAT*** that there are no strict rules for the reliability of the witnesses but one has to take decision after appreciation of over all evidence on record and several factors are required to be considered like demeanor of the witnesses, the statements recorded before the court, enemity between the parties etc. and thereafter, the appreciation is to be done. On appreciating evidence in the present case, the alleged offences are not proved beyond reasonable doubt against the accused and the prosecution has not proved the case beyond reasonable doubt qua the accused as reflected from the records.

**(૧૦)** આમ ઉપરોકત દર્શાવેલ નામ.ગુજરાત હાઈકોર્ટનાં ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત તથા ભારતીય પુરાવા અધિનીયમ મુજબ પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાની જવાબદારી ફરીયાદપક્ષ ઉપર રહેલ છે પરંતુ હાલનો કેસ ફરીયાદપક્ષ શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. હાલના કામમાં ફરીયાદી અને અન્ય સાહેદોના પુરાવામાં બનાવ સ્થળ અને સમય અંગે મોટો વિરોધાભાષ જણાઈ આવે છે એવા સંજોગોમાં આરોપીઓ દવારા હાલનો ગુનો કરવા બાબતે શંકા ઉત્પન્ન થાય છે અને જયારે ફરીયાદીના કેસ અંગે સહેજ પણ શંકા ઉત્પન્ન થાય ત્યારે તેનો સીધેસીધો લાભ આરોપીપક્ષને મળે છે. ક્રિમીનલ જસ્ટીસમાં સેટલ થયેલ સિધ્ધાંત છે કે, સો દોષિતો છુટી જાય પણ એક નિર્દોષને સજા ન થવી જોઈએ. ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ તથા ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈઓ ધ્યાને લેતા તથા હાથપરના કેસમાં રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા હાલના ગુનાના કામે આરોપીઓને દોષિત ઠરાવી શકાય તેમ જણાતું નથી. આમ જયારે હાલના કામે ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર સાબિત કરી શકેલ નથી તથા રજુ રાખવામાં આવેલ પુરાવા પરથી આરોપીને દોષિત ઠરાવી શકાય તેમ નથી.ત્યારે આરોપીઓ બેનીફીટ ઓફ ડાઉટ નો લાભ મેળવવા હકકદાર થાય છે અને જયારે આરોપીને બેનીફીટ ઓફ ડાઉટનો લાભ આપી મુકત કરવા ન્યાયોચિત જણાતું હોય ત્યારે ઉપર જણાવેલ હકીકતો, કારણો તથા કાયદાના સેટલ પ્રિન્સીપાલ ધ્યાને લેતા તેવા સં

જોગોમાં મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## **:: હુકમ ::**

| | |
|---|---|
| ૧ | ક્રિમીનલ પ્રો.કોડની કલમ–૨૪૮(૧)અન્વયે આરોપીઓ (૧) ચંદુભાઈ મોતીભાઈ વસાવા (૨)સોમીબેન વા/ઓફ ચંદુભાઈ મોતીભાઈ વસાવા રહે.ચુલી આંગણવાડી ફળીયું, તા.દેડીયાપાડા,જી.નર્મદા ઓને ભારતીય દંડ સહિતાની કલમ–૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. |
| ૨ | આ કામના આરોપી અગાઉના જામીનખત તેમજ જાતમુચરકા આથી રદ કરવામાં આવે છે. |
| ૩ | આ કામના આરોપીનાઓએ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૬(એ) ની જોગવાઈ પ્રમાણે રૂ.૫૦૦૦/– ( અંકે રૂ.પાંચ હજાર પુરા ) ના અપીલ સમય સુધીના જામીન ખત તેમજ જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.<br><br>આ હુકમ, આજ તા.૧૨ મી, માહે– જુન, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો. |

| | | |
|---|---|---|
| તારીખઃ–૧૨/૦૬/૨૦૨૪ | | (બી.જે.પંડયા) |
| સ્થળ– ડેડીયાપાડા | | એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ<br>ડેડીયાપાડા<br>(કોડ નં.જી.જે.૦૦૫૫૪) |

---

//બી.એન.પુરોહીત//